## ઓક્ટોબર -દિન વિશેષ

### શ્રીમતી એની બેસન્ટ



જિંદગીનો મોટો ભાગ આ દેશની સંસ્કૃતિ અને સ્વાતંત્ર્યના વિધ્યાય તેમ જ સેવામાં વ્યતીત કરનાર, ભારતના તત્વજ્ઞાનમાંથી આત્માની શાંતિ મેળવવા ભારતમાં આવનાર અને ત્યારપછી ભારતને પોતાની કર્મભૂમિ બનાવી દેનાર સેવાભાવી અંગ્રેજ મહિલાશ્રીમતી એની બેસન્ટનો જન્મ પહેલી ઓકટોબર ૧૮૪૭ના રોજ લંડનમાં થયો હતો. પિતાનું નામ વિલિયમ પજેબુડ અને માતાનું નામ એમિલ મોરિજ હતું. હિંદમાં રહી તેમણે કરેલું કાર્ય એટલું ઉજજવળ અને પ્રેરક હતું કે ઈ.સ. ૧૯૦૭માં સમસ્ત જગતમાં થિયોસોફિકલ સોસાયટીના તેઓ પ્રમુખપદે ચૂંટાયા. કોગ્રેસના ઉદ્દામ અને વિનીતદળો વચ્ચેના મતભેદ નિવારવા તેમણે ' હોમરૂલ' નો મંત્ર ભારતની જનતાને આપ્યો. આ સન્નારી જીવનભર ભારતની સ્વતંત્રતા માટે ઝઝુમ્યા હતા.

તેમણે ૧૦૦ થી વધારે પુસ્તકો પ્રગટ કર્યા છે. વિપુલ સાહિત્યસર્જન કરનાર આ વિદેશી મહિલાએ ઈ.સ. ૧૯૧૪માં રાજકારણમાં પ્રવેશ કર્યો. ભારતની પ્રજાને હોમરૂલ ચલાવવા માટે પ્રેરણા આપી. લોકમાન્ય ટિળક સાદી ભાષામાં ' હોમરૂલ' નો અર્થ સમજાવીને ગૃહ સ્વરાજની જરૂરિયાત લોકોના મનમાં ઠસાવી. ઢગલાબંધ પત્રિકાઓ, પુસ્તિકાઓ, લેખો, વ્યાખ્યાનો વગેરે વડે દેશભરમાં તેનો જ નાદ ગજાવી મૂકયો. તેનાથી ખળભળી ઉઠેલા મદ્રાસના ગર્વનરે તેમના અંગ્રેજ શાસન વિરોધીની પ્રવૃતિઓ બદલ નજરકેદ કર્યા. પરિણામે સમસ્ત ભારતમાં ઉહાપોહ થયો. ત્રણ માસ પછી તેઓ છુટી ગયા ત્યારે પ્રચંડ બહુમતીથી તેમને કલકતા કોગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. તેમણે ઈ.સ.૧૯૧૪માં મદ્રાસ ખાતે હોમરૂલ લીગની સ્થાપના કરી. તેમણે પોતાના સાપ્તાહિક ' ધી કોમનવીલ' અને ' નયૂ ઈન્ડિયા'માં હોમરૂલ માટેના લેખો લખીને તથા પ્રવચનો આપીને તેમણે પ્રચાર કર્યો આ મહાન વિદેશી વિદૂષી નું અવસાન ૨૧મી સપ્ટેમ્બર ૧૯૩૩ના રોજ થયું હતું.

### મોહનદાસ કરમચંદ ગાંધી



ભારતના રાષ્ટ્રપિતા અને સાબરમતીના સંત મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ તા.૨/૧૦/૧૯૪૮ના રોજ પોરબંદરમાં થયો હતો.ઈ.સ.૧૮૮૭માં રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથીમેટ્રિકની પરીક્ષા પાસ કરી. શામળાદાસ કૉલેજ, ભાવનગરમાં પહેલું સત્ર પૂરું કર્યા પછી ઈ.સ.૧૮૮૮માં લંડનગયા.ઈ.સ. ૧૮૯૧ માં બૅરિસ્ટર થઈ પાછા ફર્યા. રાજકોટની અને મુંબઈની અસફળ વકીલાતપછી ૧૮૯૩ માં આફ્રિકા ગયા. ઈ.સ.૧૮૯૪ માં ત્યાંના હિંદીઓના હક્કો માટે નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસની સ્થાપના કરી. સંઘર્ષ દરમિયાન રસ્કિન અને તોલ્સ્તોયના સાદગી અને સ્વાશ્રયના સિદ્ધાંતોને આધારે નવા જીવનપ્રયોગ માટે ઈ.સ. ૧૯૦૪ માં ફિનિક્સ આશ્રમ અને ઈ.સ.૧૯૧૦માં તૉલ્સ્તોય ફાર્મની સ્થાપના કરી. ઈ.સ.૧૯૦૪ થી ૧૯૧૪ સુધી દક્ષિણ આફ્રિકામાં ‘ઈન્ડિયન ઓપિનિયન’ સાપ્તાહિકનું સંપાદનની કામગીરી કરી.ઈ.સ. ૧૯૧૫ માં હિંદ પાછા આવ્યા બાદ એમણે અમદાવાદમાં ‘સત્યાગ્રહ આશ્રમની’ સ્થાપના કરી. ઈ.સ.૧૯૧૭ માં બિહારના ચંપારણમાં ગળીની ખેતી કરતાં હિન્દીઓ માટે એમણે અંગ્રેજો સામે પહેલી લડત આપી. ત્યારપછી અમદાવાદના મિલમજૂરોની હડતાલને બળ પૂરું પાડ્યું. ઈ.સ.૧૯૧૮ માં ખેડા સત્યાગ્રહનો આરંભ

કર્યો. ઈ.સ. ૧૯૧૯ માંરૉલેટ એક્ટની સામે દેશભરમાં વિરોધસભાઓ અને પ્રાર્થના-ઉપવાસની હાકલ કરી. 'નવજીવન' ને 'યંગ ઈન્ડિયા'નું સંપાદન માથે લીધું.ઈ.સ.૧૯૨૦ માં ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ મારફતેસંપૂર્ણ અસહકારનું આંદોલન શરૂ કર્યું. એ જ વર્ષમાં અસહકારના કાર્યક્રમના ભાગરૂપે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ઈ.સ.૧૯૨૨માં એમની અંગ્રેજો દ્વારા ધરપકડ થઈ, રાજદ્રોહનો આરોપ મુકાયો, પણ ૧૯૨૪ માં એમને છોડી મુકાયા. ઈ.સ.૧૯૨૪-૨૫ દરમિયાન એમણે અસ્પૃશ્યતાનિવારણ અને ખાદી અંગેનું રચનાત્મક કામગીરી કરી.'હરિજન', 'હરિજનસેવક' ને 'હરિજનબંધુ' વૃત્તપત્રોનું સંપાદન પણ કામગીરી કરી. ઈ.સ.૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહને માર્ગદર્શન આપ્યું. ઈ.સ.૧૯૩૦માં પૂર્ણ સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા સાથે એમણે મીઠાના સત્યાગ્રહ માટે દાંડીકૂચ આરંભી. ઈ.સ. ૧૯૩૬ માં અમદાવાદ મુકામે ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના બારમા અધિવેશનના પ્રમુખ તરીકે સેવા આપી. એમનું સાહિત્ય હેતુલક્ષિતા અને લોકહિતની ભાવનાથી પ્રેરિત છે. એમનાં લખાણો મુખ્યત્વે લોકશિક્ષણ અને લોકજાગૃતિ અર્થે હતાં. એમાં અસાધારણ માનવભાવ અને ઉગ્ર આચારનો સંસ્કાર છે. અનેક સામયિકો દ્વારા તેમણે સામાજિક, રાજકીય, નૈતિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક, કેળવણી તેમ જ આરોગ્યવિષયક પ્રશ્નો અંગે પ્રજા સાથે જીવંત સંપર્ક સાધેલો. સત્ય અને અહિંસા એમના જીવનનાં તેમ એમના સાહિત્યનાં ચાલક બળ રહ્યાં છે. એમનું પુસ્તક 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' (૧૯૨૭) ગુજરાતી સાહિત્યને જ નહીં, વિશ્વ સાહિત્યને પણ મહત્ત્વનું પ્રદાનછે. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' (૧૯૨૫)માં ફક્ત હકીકતોની સાદી સીધી નોંધ નથી પરંતુ એમાં એમના દક્ષિણ આફ્રિકાના વસવાટ દરમિયાન જે કીમતી અનુભવ થયેલા એનું પાત્રો, સંવાદો, ટીકા ટિપ્પણ દ્વારા રસપ્રદ નિરૂપણ છે. 'હિંદ સ્વરાજ' (૧૯૨૨)માં એમણે હિંદના સ્વરાજ અંગેની પોતાની કલ્પના રજૂ કરી છે; અને એનાં તમામ પાસાંઓની વિચારણા કરી છે. વિદેશી શાસનને દૂર કરી દેશને મુક્તકરી, સ્વરાજ લાવી શકાય તો એ કેવું હોવું જોઈએ એનો એમાં એક દેશભક્ત નાયકે દીધેલો ચિતાર છે. 'મંગલપ્રભાત' (૧૯૩૦)માં એમણે આશ્રમવાસીઓ માટેનાં વ્રતો પર યરવડા જેલમાંથી ભાષ્ય કરેલાં એનો સંચય છે. 'સત્યાગ્રહનો ઈતિહાસ' ૧૯૩૨માં અધૂરો છોડેલો તેનું પ્રકાશન ૧૯૪૮માં થયું છે. આ ઉપરાંત 'મારો જેલનો અનુભવ' , 'સર્વોદય' , 'યરવડાના અનુભવ' , 'નીતિનાશને માર્ગે' , 'ગીતાબોધ' , 'અનાસકિતયોગ' , 'આરોગ્યની ચાવી' , 'ગોસેવા' ,'વર્ણવ્યવસ્થા' , 'ધર્મમંથન' , 'વ્યાપક ધર્મભાવના' , 'ખરી કેળવણી' , 'કેળવણીનો કોયડો' ,'ત્યાગમૂર્તિ અને બીજા લેખો' , વગેરે એમના અનેક પુસ્તકો છે. એમના લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ 'ગાંધીજીનો અક્ષરદેહ' પુસ્તક ૧ થી ૯૦ માંકરવાનો પ્રયત્ન ચાલુ છે. ૧૯૬૮થી આજ સુધીમાં ૭૨ જેટલાં ગ્રંથો આ ગાળામાં બહાર આવી ગયા છે. આ ગ્રંથમાળામાં એમની વિચારસૃષ્ટિનો બૃહદ્ પરિચય સમાયેલો છે. 'પાયાનીકેળવણી' (૧૯૫૦), 'સંયમ અને સંતતિ નિયમન' (૧૯૫૯), 'સર્વોદય દર્શન' (૧૯૬૪) વગેરે એમનાં લખાણોનાં અનેક મરણોત્તર પ્રકાશનો થયાં છે.ઈ.સ. ૧૯૪૨ માં અંગ્રેજોને 'હિંદ છોડો' ની હાકલ કરી. છેવટે ૧૯૪૭ ની ૧૫ મી ઑગસ્ટે ભારત સ્વતંત્ર થયું પણ એમની ઈચ્છા વિરુદ્ધ ભારતના ભાગલા પડ્યા, કોમી રમખાણો ફાટી નીકળ્યાં. અંતે મુસ્લિમો તરફથી એમની સમભાવ નીતિથી છંછેડાયેલા ગોડસે નામના એક હિન્દુ મહાસભાવાદીએ ૩૦મી જાન્યુઆરી

૧૯૪૮ના રોજ  દિલ્હીમાં પ્રાર્થનાસ્થળ પર એમની હત્યા કરી.

## શ્યામજી કૃષ્ણવર્મા



મહાન ક્રાંતિકારી, રાષ્ટ્રના રત્ન અને ગુજરાતના ગૌરવવંતા પુત્ર શ્યામજી કૃષ્ણવર્મા ઈ.સ.૧૮૫૭ના બળવા પછી ક્રાંતિની મશાલની જયોત જલતી રાખવામાં આપણા ક્રાંતિકારીઓનો ફાળો અગ્રીમ રહયો છે. તેમાં પ્રથમ હરોળના એક યશસ્વી ક્રાંતિકારીશ્યામજી કૃષ્ણવર્માનો જન્મ ૪થી ઓકટોબર ૧૮૫૭ના રોજ કચ્છના માંડવી બંદરના એક ધૂળિયા મહોલામાં આવેલા એક અંધારિયા મકાનમાં થયો હતો. કચ્છ—માંડવીમાં સામાન્યઆર્થિક સ્થિતીવાળા કંટુંબમાં જન્મેલા શ્યામજીએ નાની વયમાં જ માતાપિતાનું સુખ ગુમાવ્યુ હતું. પિતાનું નામ કરસનજી અને પત્નીનું નામ ભાનુમતી હતું. તેઓ મ્યુનિસિપાલિટીના દીવાજે અજવાળે વિદ્યાભ્યાસ કરનાર કિશોરશ્યામજીને એક ભાટિયા સદ્ગૃહસ્થે આર્થિક સહાય કરી જેથી મુંબઈની ' એલિફન્સ્ટન' તેમજ ' વિલ્સન'વિખ્યાત સંસ્થામાં ઉચ્ચઅભ્યાસ કરવાની તક સાંપડી.

શ્યામજી કૃષ્ણવર્મા આ દિવસોમાં તેમણે દયાનંદ સરસ્વતીનું શિષ્યત્વ પ્રાપ્ત કરેલું. અને આર્યસમાજી બન્યા.શ્યામજી કરસનજી હવે શ્યામજી કૃષ્ણવર્મા તરીકે જાણીતા બન્યા. સ્વરાજની લડતમાં દયાનંદ સરસ્વતીની પ્રેરણા અને પ્રોત્સાહન મળતાં ક્રાંતિકારી બન્યા અને હિંસકક્રાંતિના અગ્રણી બન્યા.વિશેષ કરીને લંડન અને પેરિસમાં રહીને તેમણે રાષ્ટ્રસેવા કરી. ભારતની સ્વરાજય સાધના માટે હોમરૂલ સોસાયટીની સ્થાપના કરી. સમગ્રજીવન બ્રિટીશ સામ્રાજયવાદ સામેના સંઘર્ષમાં સર્મપિત થયું. વિદેશમાં રહીને પણ ક્રાંતિકારી વીર સાવરકરના કાનુની બચાવ માટે તેમણે કરેલી મદદ સરાહનીય છે. શ્યામજીએ પોતાની બધી સંપતિ આજીવન દેશ માટે જ વાપરી હતી. આવા મહાન દેશપ્રેમી ક્રાંતિકારીશ્યામજી કૃષ્ણવર્મા જીનીવા  ખાતે ૩૧મી માર્ચ ૧૯૩૦ના રોજ અવસાન પામ્યા. તેમની અંતિમ ઈચ્છા પોતાના અસ્થિ સ્વદેશ લઈ જવાની હતી  જે ગુજરાત સરકારે વર્ષ– ૨૦૦૩ના રોજ અસ્થિ લાવવામાં આવ્યા અને તે વીરાંજલિયાત્રા સ્વરૂપે સમગ્ર ગુજરાતમાં પ્રદક્ષિણા કરી. મહાન ક્રાંતિકારી શહીદ શ્યામજી કૃષ્ણવર્મા ને કોટી કોટી વંદન.

## કિશોરલાલ મશરૂવાળા



ગુજરાતી નિબંધકાર અને અનુવાદક કિશોરલાલ ઘનશ્યામ લાલ મશરૂવાળાનો જન્મ ૫મી ઓક્ટોબર ૧૮૯૦ ના રોજ મુંબઈમાં થયો હતો. તેમનું વતન સુરત હતું. તેમણે પ્રાથમિક શિક્ષણની શરૂઆત આકોલામાં મરાઠીભાષામાં લીધું. આઠ વર્ષની વયે માતાનું અવસાન થતાં, મુંબઈ માસી પાસે તેઓ રહ્યા  અને એમનું શિક્ષણ ગુજરાતીમાં આરંભાયું. શાળાકાળ દરમિયાન મુંબઈમાં પ્લેગ ફાટી નીકળતાં થોડા સમયમાટે આગ્રામાં અભ્યાસ. ત્યાં હિંદી તથા ઉર્દૂ પણ શીખ્યા. પદાર્થ વિજ્ઞાન તથા રસાયણશાસ્ત્રને ઐચ્છિક વિષયો તરીકે રાખી ઈ.સ. ૧૯૦૯ માં મુંબઈની વિલ્સન કૉલેજમાંથી બી.એ થયા. ઈ.સ. ૧૯૧૩ માં એલએલ.બીની પરીક્ષા પાસ કરી. ઈ.સ. ૧૯૧૭ થી ૧૯૧૯ સુધી આશ્રમની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે નોકરી કરી. ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠના પહેલા મહામાત્ર. આ અરસામાં એમને કાકાસાહેબ કાલેલકર મારફતે, આશ્રમમાં કેદારનાથજીનો પરિચય થયો. એમની સાથેની ચર્ચા વિચારણાઓના પરિપાકરૂપે સાંપ્રદાયિક શ્રદ્ધાઓ કે પરંપરા પ્રાપ્ત માન્યતાઓને વિવેક દ્રષ્ટિથી, શાંત અને સ્થિર ચિત્તે ચકાસી, તેમાંથી જીવનોત્કર્ષ સાધક સત્યનું જ ગ્રહણ કરવાની આત્મશક્તિનો ઉદય થયો. જીવનના અને અધ્યાત્મના પ્રશ્નોને જોવાની, સમજવાની અને


ઉકેલવાની એમની દ્રષ્ટિમાં આથી આમૂલ પરિવર્તન આવ્યું. ૧૯૩૪ થી ૧૯૩૮ સુધી ગાંધી સેવા સંઘના પ્રમુખ.દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લેતાં ૧૯૩૦, ૧૯૩૨, તથા ૧૯૪૨ માં વધતા ઓછા પ્રમાણમાં કારાવાસ પણ થયો. ઈ.સ.૧૯૪૬થી જીવનપર્યંત 'હરિજન' પત્રના તંત્રી તરીકે સેવા આપી. 'રામ અને કૃષ્ણ' (૧૯૨૩), 'ઈશુ ખ્રિસ્ત' (૧૯૨૫), 'બુદ્ધ અને મહાવીર' (૧૯૨૬), 'સહજાનંદ સ્વામી' (૧૯૨૬) વગેરે ચરિત્રાત્મક નિબંધોમાં છે. 'જીવનશોધન' (૧૯૨૯) તથા 'સમૂળીક્રાંતિ' (૧૯૪૮)માં જોવા મળે છે. 'ગાધીવિચારદોહન' (૧૯૩૨), 'અહિંસાવિવેચન' (૧૯૪૨), 'ગાંધીજી અને સામ્યવાદ' (૧૯૫૧) વગેરેમાં ગાંધીવિચારના ભાષ્યકાર તરીકેના એમના સામર્થ્યનાં દર્શન થાય છે.'કેળવણીના પાયા' (૧૯૨૫), 'કેળવણીવિવેક' (૧૯૪૯) અને 'કેળવણી વિકાસ' (૧૯૫૦) એ ગ્રંથત્રિપુટીમાં થાય છે. સમૂળી ક્રાંતિ (૧૯૪૮) :કિશોરલાલ ઘ. મશરૂવાળાનું, સમાજના આમૂલ પરિવર્તનની વિચારણા આપતું પુસ્તક છે. તા. ૯મી સપ્ટેમ્બર ૧૯૫૨ના રોજ તેમનું અવસાન થયું.

## મેઘનાથ સહા




ભારતમાં મહાન અને આધુનિક ખગોળ ભૌતિકશાસ્ત્રના પિતા મેઘનાથ સહાનો જન્મ તા. ૬/૧૦/૧૮૯૩ના રોજ ઢાકા જિલ્લામાં આવેલ શિવરાતલી ગામમાં થયો હતો. પિતાનું નામ જગન્નાથ અને માતાનું નામ ભુવનેશ્વરી હતું. માધ્યમિક અને ઉચ્ચ કેળવણી ઢાકામાં અને કલકત્તામાં લીધું. ઈ.સ. ૧૯૦૫માં અંગેજ હકુમત બંગાળ વિભાજનના વિરોધમાં આંદોલનમાં મેઘનાથ સહા અને તેમના મિત્રોએ અંગેજ શિક્ષકનું અપમાન કરવાથી તેના દંડ રૂપે શાળામાંથી હકાલપટ્ટી કરી અને તા[મને મળતી શિષ્યવૃત્તિ પણ બંધ કરી હતી. મેઘનાથ ભણવામાં ખૂબ જ તેજસ્વી હતા. તેઓ કલકતા યુનિવર્સીટીની એમ.એસ.સી. પ્રથમ વર્ગમાં પાસ કરી હતી. ગણિતશાસ્ત્રમાં સંશોધન કરી ૧૯૧૮માં ડોક્ટર ઓફ સાયન્સની ઉપાધી મેળવી હતી. તેમણે ઈ.સ. ૧૯૧૬માં કલકતા યુનિવર્સીટીમાં ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અધ્યાપક તરીકે રહ્યા. આ પછી તેઓ જર્મની ગયા અને બર્લિનની સાયન્સ કોલેજમાં જોડાયા. તેમણે તારાના રંગપટના સંશોધન વિષે મહાનિબંધ લખ્યો. અલ્હાબાદ યુનિવર્સીટીમાં જોડાયા અને એ એમનું સંશોધનનું મુખ્ય કેન્દ્ર બન્યું. એમને અણુભૌતિક શાસ્ત્ર અને કોસ્મિક કિરણોનું સંશોધન કર્યું.ઈ.સ. ક્ષ-કિરણોની શોધ કરી. ઈ.સ. ૧૯૩૪માં ઇન્ડિયન સાયન્સ કોલેજના પ્રમુખ  તેમણે તારાઓના વર્ગીકરણ ઉપરથી શોધ કાઢ્યું કે ' ૦ ' વગરના તારાના ઉષ્ણતામાન  અને વાતાવરણ દબાણ અંગે તેમણે સંશોધન કર્યું.તેમણે નક્ષત્રોના કિરણ ચિત્રોનો ભૌતિક સિધ્ધાંત રજુ કરી વિશ્વ વ્યાપી નામના પ્રાપ્ત કરી હતી. જ્યોતીવિજ્ઞાન અને પરમાણુ સિધ્ધાંત ક્ષેત્રે મહત્વનું યોગદાન છે.  ઈ.સ. ૧૯૫૨ માં લોકસભામાં ચૂંટાયા હતા.

## નરહરિ દ્વારકાદાસપરીખ



ગુજરાતી સાહિત્યના ઉત્તમ ચરિત્રકાર,સંપાદક, અનુવાદક નરહરિ દ્વારકાદાસ પરીખનો જન્મ તા. ૭/૧૦/૧૮૯૧ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમનું વતન ખેડા જિલ્લાનું કઠલાલ હતું. ઈ.સ. ૧૯૦૬માં મૅટ્રિકની પરીક્ષા અમદાવાદમાં પાસ કરી.ઈ.સ.૧૯૧૧માં ઇતિહાસ-અર્થશાસ્ત્ર વિષયો સાથે બી.એ. અને ઈ.સ.૧૯૧૩માં એલએલ.બીની પદવી પ્રાપ્ત કરી હતી.ઈ.સ.૧૯૧૪માં મિત્ર મહાદેવભાઈ દેસાઈ સાથે વકીલાતનો પ્રારંભ કર્યો.ઈ.સ. ૧૯૧૭માંસત્યાગ્રહ આશ્રમની રાષ્ટ્રીય શાળામાં જોડાયા.ઈ.સ. ૧૯૨૦થી ગૂજરાત વિદ્યાપીઠમાં.૧૯૩૫માં હરિજન આશ્રમના વ્યવસ્થાપક તરીકે કામગીરી કરી.ઈ.સ. ૧૯૩૭માં બેઝિક ઍજ્યુકેશન બોર્ડના પ્રમુખ બન્યા.ઈ.સ.૧૯૪૦માં ગ્રામસેવક વિદ્યાલયના આચાર્ય બન્યા. એમણે ગાંધીચીંધ્યા માનવતાવાદ અને જીવનપરત્વેનો પરિચય કરાવ્યો છે.
એમના મૌલિક ગ્રંથોમાં 'મહાદેવભાઈનું પૂર્વચરિત' (૧૯૫૦), 'સરદાર વલ્લભભાઈ'- ભા. ૧,૨ (૧૯૫૦, ૧૯૫૨) અને કિશોરલાલ મશરૂવાલા પરનું 'શ્રેયાર્થીની સાધના' (૧૯૫૩) જેવાં ચરિત્રાલેખનો મુખ્ય છે. 'માનવ અર્થશાસ્ત્ર' (૧૯૪૫) એમનો તદવિષયક અત્યંત યશસ્વી ગ્રંથ છે. આ ઉપરાંત શિક્ષણ, રાષ્ટ્રકારણ અનેગાંધીવિચારના સમન્વયની નીપજરૂપ 'સામ્યવાદ અને સર્વોદય' (૧૯૩૪), 'વર્ધા કેળવણીનોપ્રયોગ' (૧૯૩૯), 'યંત્રની મર્યાદા' (૧૯૪૦) વગેરે એમનાં સ્વતંત્ર પુસ્તકો છે. 'નામદાર ગોખલેનાં ભાષણો' (૧૯૧૮), 'ગોવિંદગમન' (૧૯૨૩), 'કરંડિયો' (૧૯૨૮), 'નવલગ્રંથાવલિ' (૧૯૩૭), 'મહાદાવેભાઈની ડાયરી'- ભા. ૧,૭ (૧૯૪૮-૫૦), 'સરદાર વલ્લભભાઈનાં ભાષણો' (૧૯૪૯), 'દી.બ. અંબાલાલ સાકરલાલનાં ભાષણો' (૧૯૪૯), 'ગાંધીજીનું ગીતાશિક્ષણ' (૧૯૫૬) વગેરે એમનાં સંપાદનો છે. 'ચિત્રાંગદા' (૧૯૧૬), 'વિદાયઅભિશાપ' (૧૯૨૦), 'પ્રાચીન સાહિત્ય' (૧૯૨૨) જેવા એમના ગ્રંથોમાં સાહિત્યનું સંદોહન અને સંપાદન કરવાની શક્તિનો તેમ જ સાદી, સરલ અને પારદર્શક ગદ્યશૈલીનો આવિષ્કાર જોઈ શકાય છે.૧૯૪૭માં પક્ષાઘાતનો પહેલો હુમલો. પક્ષાઘાત અને હૃદયરોગથી ૧૫/૭/૧૯૫૭ના રોજ બારડોલીમાં અવસાન થયું.

## સ્વામી રામતીર્થ



સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને ગણિતશાસ્ત્રી તરીકેની બહુમુખી પ્રતિભા ધરાવતા મહાપુરૂષ સ્વામી રામતીર્થનો જન્મ તા. ૮/૧૦/૧૮૭૩ના રોજ પંજાબના ગુજરાતવાલા પ્રાંતના એક નાનકડા ગામમાં થયો હતો. તેમના પિતા હીરાનંદની આર્થિક સ્થિતિ સાધારણ હતી. યજમાન વૃતિ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. સ્વામી રામતીર્થ બાળપણમાં ખૂબ જ હઠીલા હતા. ગણિત એમનો પ્રિય વિષય હતો. અભ્યાસમાં એકાગ્રતા ગજબની હતી. ઈ.સ. ૧૮૯૩માં પંજાબ યુનિવર્સીટીમાંથી બી.એ. થયા. ગણિતના વિષય સાથે



gnanbhandar.com

પ્રથમ શ્રેણીમાં એમ.એ. થયા. ગણિતના પ્રખર પ્રાધ્યાપક ૨૬ વર્ષની ધગધગતી યુવાન વયે લાહોર કોલેજમાં ગણિતના પ્રાધ્યાપક રહી આચાર્યપદેથી નિવૃત્તિ લીધી. ઈ.સ. ૧૮૯૫ થી ૧૮૯૬માં સીયાલકોટની કોલેજના ઉનીતના અધ્યાપક રહ્યા. આ સમયગાળા દરમ્યાન આધ્યાત્મિક લગન લાગી જતાં માત્ર ૨૭ વર્ષની વયે સન્યાસી બની ગયા.તેઓ ગોસ્વામી વંશ જ છે. એ ભાન થતાં તાએમને સંસ્કૃત અભ્યાસ કર્યો. વેદ વેદાંતનો ઊંડો અભ્યાસ કરતાં વેદ ઉપનિષદના અનેક સુત્રો એમની જીભના ટેરવે રમતા થઇ ગયા હતા. ગણિતમાં તેઓ ૧૮ આંકડાની સંખ્યાના ૧૭ આંકડાની સંખ્યા સાથેના ગુણાકારની રકમ તેઓ તરત જ મોઢે કરી નાખતા.

સન્યાસી બન્યા બાદ તેમણે માત્ર ભારત જ નહી પંરતુ વિશ્વભરમાં વિખ્યાત બનેલા. ત્યારે અમેરિકા ગયા અને ત્યાં વેદાંત ઉપર વ્યાખાનો આપ્યા, ત્યારે આ પ્રખર ભારતીય વિદ્વાનની અગાઢ જ્ઞાનનીધી પ્ર ત્યાંની પ્રજા મંત્ર મુગ્ધ થઇ ગયા હતા. અમેરિકન પ્રમુખ બે વખત તેમના દર્શનાથે આવી ગયા હતા. ઇચ્છાશક્તિ અને આત્મબળ વડે જેમને અનેક સિધ્ધિઓ હાંસલ કરી હતી એવા મહાન સન્યાસી ૩૩ વર્ષની વયે તો ગંગા મૈયામાં જળસમાધિ લઇ લીધી.

## જોસેફ ઈગ્નાસમેકવાન



ગુજરાતી જાનપદી નવલકથા આપનાર જોસેફ ઈગ્નાસ મેકવાન નો જન્મ તા. ૯/૧૦/૧૯૩૬ના રોજ આણંદ તાલુકાના ત્રણોલીમાં થયો હતો. તેમનું મૂળ વતન ઓડ હતું. બાળપણમાં માતાનું અવસાન અને પિતાએ પુનઃલગ્ન કર્યા. તેમનું બાળપણનું જીવન સંઘર્ષમય વીત્યું. ગરીબી, દુ:ખ અને અપરમા ના ત્રાસ વચ્ચે બાળમજૂરી કરતા કરતા ભણ્યા હતા.તેમણે એમ.એ., બી.એડ અભ્યાસ કરી . સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, આણંદમાં શિક્ષક તરીકે જોડાયા. 'વ્યથાનાં વીતક' (૧૯૮૫)માં શોષણપ્રધાનસમાજનાં દલિતચરિત્રોનાં આલેખનો છે. 'વહાલનાં વલખાં' (૧૯૮૭) અને 'પ્રીત પ્રમાણી પગલેપગલે' (૧૯૮૭) પણ ચરિત્રલક્ષી પુસ્તકો છે.'આંગળિયાત' (૧૯૮૬) વણકર અને પટેલ કોમનાવર્ગસંઘર્ષને કેન્દ્રમાં રાખી સામાજિક દ્વેષ અને સંઘર્ષને દલિત દ્રષ્ટિ-કોણથીઉપસાવતી જાનપદી નવલકથા છે. વસ્તુપરક રીતિ ને દસ્તાવેજી સામગ્રીને કારણે આ કૃતિપ્રચારલક્ષી થતાં અટકી ગઈ છે. બોલીનું ભાષાકર્મ એમાં ધ્યાન ખેંચે તેવું છે.'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' (૧૯૮૬) નવલકથામાં આત્મકથાત્મક શૈલીમાં શશીકાન્તનાલક્ષ્મણવ્રતને વેદના અને સહનશીલતાના સંદર્ભે નિરૂપ્યું છે.'મારી પરણેતર' (૧૯૮૮)એમની અન્ય નવલકથા છે.'સાધનાની આરાધના' (૧૯૮૬) એમનો વાર્તાસંગ્રહ છે.'મારી ભિલ્લુ' (૧૯૮૯) ચરિત્રકથા છે.

આંગળિયાત ઈ.સ.૧૯૮૬માં આંગળિયા જાનપદી નવલકથા આપી. જેમાં દલિતદ્રષ્ટિકોણનો સબળ ઉન્મેષ દાખવતી નવલકથા છે. ખેડા જિલ્લાના ગામડામાંપટેલો અને ઠાકોરોના સમાજથી ઘેરાયેલા વણકરસમાજના જીવનસંઘર્ષની આ કથાનું દસ્તાવેજીમૂલ્ય ઊંચું છે. પ્રાદેશિક ભાષાનું પોત


નવલકથાના નિરૂપણ થી છેક પાત્રો સુધી એકસરખુંવણાયેલું હોવા છતાં સંવેદનશીલ રજૂઆત અને વાસ્તવના રુચિપૂર્ણ સમાયોજનને કારણે નવલકથા પ્રાણવાન બની છે. ઈ.સ.૧૯૮૯નોસાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર એનાયત થયેલ છે.

## સરોદવાદક -અમજદઅલીખાં



દેશના પ્રસિદ્ધ સરોદવાદક અમજદઅલીખાંનો જન્મ ૯ ઓક્ટોબર ૧૯૪૫ના રોજ થયો હતો. પિતાનું નામ ઉસ્તાદ હાફિઝઅલીખાંએ હતું તેઓ પણ પ્રખ્યાત સરોદવાદક હતા. અમજદઅલીખાં પાંચ વર્ષની નાની વયથી જ પિતા પાસેથી સંગીતશિક્ષણ લેવાની શરૂઆત કરી હતી. તેર વર્ષની વયે તો તેઓ સંગીતના જલસામાં પિતા સાથે ભાગ લેતા હતા.  તેમણે કેટલાક નવા રાગોનું નિર્માણ કર્યું જેમાં હરિપ્રિયા, સુરતાભૈરવ, વિભાવરી, ચંદ્રધ્વનિ, મંદસમીર અને કિરણરંજની રાગ મુખ્ય છે. સરોદવાદક તરીકે નવા રાગોનું સર્જક તરીકે તેઓ ખૂબ જ લોકપ્રિય બન્યા છતાં તે વિવાદાસ્પદ પણ રહ્યા છે. તેમણે ઈકહરા તાન, ગમક અને અદ્દભુત લયકારીનો પ્રયોગ કર્યો છે. અમજદઅલીખાં દેશમાં અને વિદેશમાં પણ લોકપ્રિય રહ્યા હતા. ઇ.સ. ૧૯૭૧માં પેરિસ ખાતે અમજદઅલીખાંને તેમની ઉત્કૃષ્ટ વાદનકલા બદલ આંતરરાષ્ટ્રીય સંગીતમંચનો યુનેસ્કો પુરસ્કાર એનાયત  કરવામાં આવ્યો હતો. ઇ.સ. ૧૯૭૫માં ભારત સરકારે પદ્મશ્રીનો ખિતાબ એનાયત કરી સન્માનિત કર્યા હતા.

## જયપ્રકાશ નારાયણ




જન જાગૃતિ મહાન જ્યોતીધર લોકનાયક જય પ્રકાશ નારાયણનો જન્મ તા. ૧૦/૧૦/૧૯૦૨ના દિવસે બિહારના સીતાલદીયારા ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પટનામાં અને કોલેજ શિક્ષણ બિહારની રાષ્ટ્રીય વિધાપીઠમાં કર્યો. તેઓ સાત વર્ષ અમેરિકામાં અભ્યાસ કર્યો. ઈ.સ.૧૯૩૦ માં દાંડીયાત્રા પછી કારાવાસ ભોગવ્યો. જેલ ભારતીય સમાજવાદની પ્રયોગશાળા બની. ભૂર્ગભના નાગાઓના હિતચિંતક, ચંબલ ઘાટીના બહારવટિયાઓના વિશ્વાસુ, યુવા વર્ગના નવનિર્માણના સર્જક અને ભ્રષ્ટ્રાચાર વિરોધ સપૂર્ણ ક્રાંતિના જનક હતા.સર્વોદય, સમાજવાદી પાર્ટી,શાંતિસેના, ગાંધી શાંતિ પ્રતિષ્ઠા જેવી અનેક સંસ્થાઓમાં તેમણે કામ કર્યું. સપૂર્ણ ક્રાંતિની વાતને તેમણે છેક નીચલા સ્તર સુધ પહોચાડી હતી. ઈ.સ. ૧૯૭૪ના નવનિર્માણ આંદોલનના પગલે બિહાર આંદોલનના અને એમાંથી ભ્રષ્ટ્રાચારની સંપૂર્ણ નાબુદીના પગલે અખિલ ભારતીય આંદોલન અને એમાંથી રચાયો જનતા મોરચો. રરાજકીય કટોકટીના કાળા અંધકારમાં જયપ્રકાશ જીવનપ્રકાશ બની ગયા.

જયપ્રકાશ કહેતા “ આપણી પક્ષ પધ્ધતિ – લોકશાહી  - ચૂંટણી – લોકોને ઘેટા બકરાની દશામાં મુકે છે. આ ઘેટા બકરાંએ દર પાંચ વર્ષે ગમતાનો ભરવાડ પંસદ કરવાનો હોય છે. આ ભરવાડ બાકીના પાંચ વર્ષ ઘેટા બકરાને દોહી

gnanbhandar.com

પોતાનો સ્વાર્થ સાધ્યા સિવાય બીજું કશું નહી કરે આ સમગ્ર પ્રથામાં મને ક્યાંય સ્વતંત્રતાના દર્શન થતા નથી". સમાજમાં નાનામાં નાનો માનવી આબરૂભેર જીવન જીવી શકે તે માટે જયપ્રકાશ જીવનભર ઝઝૂમ્યા હતા.

## સુરેશ દલાલ



ગુજરાતી કવિ, નિબંધકાર, અને સંપાદક સુરેશ દલાલનો જન્મ તા.૧૧/૧૦/૧૯૩૨ના રોજ થાણામાં થયો હતો. ઈ.સ.૧૯૪૯માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૯૫૩માં ગુજરાતી વિષય સાથે બી.એ. ઈ.સ.૧૯૫૫માં એમ.એ થયા.ઈ.સ.૧૯૬૯માં પીએચ.ડી કરી. ઈ.સ.૧૯૫૬માં મુંબઈની કે.સી.સાયન્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા. ત્યારબાદ ઈ.સ. ૧૯૬૦થી ૧૯૬૪સુધી એચ.આર.કૉલેજ ઑવ કૉમર્સમાં, ઈ.સ. ૧૯૬૪થી ૧૯૭૩ સુધી કે.જે.સોમૈયા કૉલેજમાં અને ૧૯૭૩થીઅદ્યપર્યંત એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીમાં ગુજરાતીના અધ્યક્ષ રહ્યા. 'કવિતા' માસિકનાસંપાદકતરીકેની કામગીરી કરી. તેમણે 'અરવિંદ મુનશી', 'કિરાત વકીલ', 'તુષાર પટેલ', 'રથિતશાહ' જેવા ઉપનામથી સાહિત્ય સર્જન કર્યું છે. એકાન્ત : ૧૨૦ જેટલાં કાવ્યોધરાવતો સુરેશ દલાલનો પ્રથમ કાવ્યસંગ્રહ. છે. 'તારીખનું ઘ' , 'અસ્તિત્વ' , 'નામ લખી દઉં' , 'હસ્તાક્ષર' , 'સિમ્ફની' , 'રોમાંચ' , 'સાતત્ય' , 'પિરામિડ' , 'રિયાઝ' , 'વિસંગતિ' , 'સ્કાઈસ્ક્રેપર' , 'ઘરઝુરાપો' , 'એક અનામી નદી' , 'ઘટના' , 'રાધા શોધે મોરપિચ્છ' , 'કોઈ રસ્તાની ધારે ધારે' , અને 'પવનના અશ્વ' , એમના કાવ્યસંગ્રહો છે. 'ઈટ્ટાકિટ્ટા' , 'ધીંગામસ્તી' , 'અલકચલાણું' , 'ટિગાટોળી' , 'છાકમ છલ્લો' , 'બિન્દાસ' , વગેરે એમના બાળકાવ્યોના સંગ્રહો છે. 'પિનકુશન' એમનો વાર્તાસંગ્રહ છે. 'મારી બારીએથી'-ભાગ -૨, 'સમી સાંજના શમિયાણામાં' , 'ભૂરા આકાશની આશા' , 'મોજાને ચીંધવાસહેલાં નથી' , 'અમને તડકો આપો' , વગેરેએમના નિબંધસંગ્રહોમાં છે. 'અપેક્ષા' , 'પ્રક્રિયા' , 'સમાગમ' , 'ઈમ્પ્રેશન્સ' , 'કવિપરિચય' , અને 'કવિતાની બારીએથી' (૧૯૮૭) એમના વિવેચનગ્રંથોછે.

## કવિ ડાહ્યાભાઈ દેરાસરી




ગુજરાતી કવિ ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરીનો જન્મ તા.૧૧/૧૦/૧૮૫૭નારોજ સુરતમાં થયો હતો. તેમનું ઉપનામ 'બુલબુલ' છે. ઈ.સ. ૧૮૮૭માં પૂનાની કૉલેજ ઑવ સાયન્સમાં જોડાયા. રાજકોટની ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષક અને પછી ઉપાચાર્ય બન્યા હતા. ઈ.સ.૧૮૯૬માં ભૂસ્તરવિદ્યાના અભ્યાસ માટે ઈંગલેન્ડ ગયા. ત્યાંબાર એટ લૉની ઉપાધિ પણ મેળવી. અમદાવાદમાં વકીલાત. ગુજરાતના ભૂસ્તરવિદ્યા મંડળના પ્રથમ સભ્ય ફેલો. રૉયલ એશિયાટિક સોસાયટીના માનાર્હ સભ્ય થયા. રાજકોટની લેંગ લાઈબ્રેરીઅને વોટસન મ્યુઝિયમના સેક્રેટરી બન્યા.

આ કવિનાં 'ચેમલી' અને 'બુલબુલ' (૧૮૮૩) મહત્વનાં સળંગકાવ્યો છે. 'ચમેલી' પંદર ખંડોમાં વિભક્ત સળંગ હરિગીતમાં ત્રણસો પંક્તિનું કાવ્ય છે. 'હરિધર્મશતક' (૧૮૮૪) ,'અમારાં આંસુ' (૧૮૮૪)અને 'મધુભૂત' પણ એમનાં કાવ્યો છે. 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન' (૧૯૧૧) એ એમનું સુપ્રતિષ્ઠ વિવેચન છે. એમાં ઈ.સ.૧૮૫૦ થી ૧૯૧૦ સુધીના ગુજરાતી સાહિત્યની ઐતિહાસિક સમીક્ષા કરવાનો પહેલો પ્રયત્ન છે. 'કાન્હડદેપ્રબંધ' (૧૯૧૩)મરાઠી પરઆધારિત 'પૌરાણિક કોશ' અને 'ભૌગોલિક કોશ' તથા રસાયનશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અનેપદાર્થવિજ્ઞાન પરનાં પાઠ્યપુસ્તકો રસાયનશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને પદાર્થવિજ્ઞાનપરનાં પાઠ્યપુસ્તકો તેમ જ 'રણજિતસિંહ' (૧૮૯૫) અને 'શહેનશાહ પંચમજ્યોર્જ' (૧૯૩૦)જેવા અનુવાદગ્રંથો પણ એમના નામે છે.

સાઠીના સાહિત્યનું દિગ્દર્શન (૧૯૧૧) અર્વાચીન સાહિત્યના ઇતિહાસનું આ પહેલું ગુજરાતી પુસ્તક છે. પહેલા ખંડનાં પાંચ પ્રકરણોમાં સાઠીનીસ્થિતિ, કેળવણીની શરૂઆત, અમદાવાદમાં સાહિત્યને અંગે ચળવળ, તે સમયના અમદાવાદ, મુંબઈ, સુરત, કાઠિયાવાડના ગૃહસ્થો વગેરેની ચર્ચા છે; અને એ રીતે સાઠીની સાક્ષરપ્રવૃત્તિને ઉપસાવી છે. બીજા ખંડનાં દશ પ્રકરણોમાં સાઠીનું વાડમય તપાસ્યું છે; એમાં વિવિધ વિષયોઅને વિવિધ સ્વરૂપોનાં અવલોકનો અને છેવટે સામયિક પત્રો અને છાપખાનાંની માહિતી આપ્યાંછે. ૧૯મી સદીના ઉત્તરાર્ધનાં પ્રકાશનોની મુલવણીનો આ સંનિષ્ઠ પ્રયાસ છે.ડાહ્યાભાઈદેરાસરીનું ૧૪મી માર્ચ ૧૯૩૮માં અવસાન થયું.

## કમળાશંકરત્રિવેદી



ગુજરાતી સંપાદક, વ્યાકરણ વિદ કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનો જન્મ તા.૧૧/૧૦/૧૮૫૭ના રોજ સુરતમાં થયો હતો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ સુરતમાં લીધું. ઈ.સ.૧૮૭૪માં મૅટ્રિકની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૮૭૮માં ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી અર્થશાસ્ત્ર-ઇતિહાસ વિષયો સાથે બી.એ થયા. આર્થિક મુશ્કેલીનેકારણે આગળ અભ્યાસ ન કરતાં સુરતની મિશન હાઈસ્કૂલમાં અવેજી શિક્ષક તરીકે જોડાયા.પછીથી ભરૂચ, નડિયાદ, સુરત, અમદાવાદ, ભાવનગર, મુંબઈ અને પૂનામાં માધ્યમિક તથા ઉચ્ચસ્તરે શિક્ષણકાર્યની કામગીરી કરી. ઈ.સ.૧૯૦૨માં અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં આચાર્યતથા 'ગુજરાત શાળાપત્ર' નું સંપાદનની કામગીરી કરી. મુંબઈ તથા પંજાબ યુનિવર્સિટીમાં સંસ્કૃતનાપરીક્ષક તથા ફેલો થયા. ઈ.સ. ૧૯૧૪માં નિવૃત્ત થયા.

ઈ.સ.૧૯૨૪માં તેઓ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા. ઇતિહાસ અને અર્થશાસ્ત્ર જેવા વિષયો લઈ અભ્યાસ કરનાર આ લેખકે અધ્યયન અને અધ્યાપન સંસ્કૃત વિષયમાં કર્યું છે. વ્યાકરણ ગ્રંથોની રચના તથા સંસ્કૃતગ્રંથોનુંભાષાન્તર એમનું મહત્વનું પ્રદાન છે. ઇતિહાસ, શિક્ષણ, વ્યાકરણ, કાવ્ય, અલંકાર, ગણિત,

તત્વજ્ઞાન જેવાવિવિધ વિષયોમાં સક્રિય રસ દાખવી એમણે 'ઈંગ્લૅન્ડનો ટૂંકો ઇતિહાસ' (૧૮૮૭), 'ગોડ્સ ઑવઇન્ડિયા' (૧૯૧૩), 'શિક્ષણશાસ્ત્રનાં મૂળતત્વો' (૧૯૧૩), 'શંકરજ્યંતી વ્યાખ્યાનમાળા' (૧૯૧૩), 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' (૧૯૧૪/૧૬), 'કારકમીમાંસા' (૧૯૧૫), 'મધ્યમવ્યાકરણ' (૧૯૧૭), 'બૃહદ્ વ્યાકરણ' (૧૯૧૯), 'હિંદુસ્તાનનો સંક્ષિપ્ત ઇતિહાસ' (૧૯૨૦), 'કાવ્યસાહિત્ય મીમાંસા' (મરણોત્તર, ૧૯૩૦), 'અનુભવવિનોદ' (મરણોત્તર, ૧૯૩૩), જેવામૌલિક ગ્રંથો આપ્યા છે. 'સંસ્કૃત'-પુ. ૧-૨ (૧૮૯૬), 'સંસ્કૃતશિક્ષિકા' (૧૯૧૧), 'સાહિત્યમંજરી' (૧૯૧૫) તથા 'ગુજરાતી/ત્રિવેદી વાચનમાળા' (૧૯૨૧) વગેરે એમનાં સંપાદિતપાઠ્યપુસ્તકો છે.

ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ (૧૯૧૯) :કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનો આ ગ્રંથ ચાલીસ પ્રકરણોમાં વહેંચાયેલો છે. ગુજરાતીભાષામાં અત્યાર સુધી લખાયેલા વ્યાકરણવિષયક ગ્રંથોમાં આ ગ્રંથ ઐતિહાસિક મહત્વે ધરાવેછે. કમળાશંકર પ્રાણશંકરત્રિવેદીનું ૧૯૨૫માં અવસાન થયું.

## પ્રહલાદ જેઠાલાલપારેખ



ગુજરાતી કવિ પ્રહલાદ જેઠાલાલ પારેખનો જન્મ તા.૧૨/૧૦/૧૯૧૨ ના દિવસે ભાવનગરમાં થયો હતો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ દક્ષિણામૂર્તિ, ભાવનગરમાં લીધું હતું. શિક્ષણ દરમિયાન સંસ્થાનાદ્રષ્ટિસંપન્ન સંચાલક નાનાભાઈ ભટ્ટ અને આચાર્ય હરભાઈ ત્રિવેદીની અસર નીચેસાંસ્કારિક ઘડતરનો પાયો થયો. ઈ.સ.૧૯૩૦માં આઝાદીની ચળવળમાં જોડાવા અભ્યાસ ત્યાગ અને જેલવાસ થયો. એપછી પુનઃઅભ્યાસ દક્ષિણામૂર્તિની વિનીતની પરીક્ષામાં ઉત્તીર્ણ, પછી અભ્યાસાર્થે ગૂજરાતવિદ્યાપીઠમાં જોડાયા. ઈ.સ.૧૯૩૩માં 'શાંતિનિકેતન' જઈ ચાર વર્ષ અભ્યાસ કર્યો.ઈ.સ.૧૯૩૭માં વિલેપારલેની પ્યુપિલ્સ ઑન સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. બીજે વર્ષે ભાવનગરની ઘરશાળામાં જોડાયા. એ પછી ૧૯૪૫થી છેવટ સુધી મુંબઈની મોડર્ન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. પ્રહલાદ પારેખનું બીજી જાન્યુઆરી ૧૯૬૨નાં દિવસે અવસાન થયું. એમના કાવ્યસંગ્રહ 'બારીબહાર' (૧૯૪૦)માં ગાંધીયુગની સાહિત્યધારાથી જુદી પડતી નવીન કાવ્યધારા વહે છે.તેમના કાવ્યસંગ્રહમાં 'બનાવટી ફૂલોને' અને 'આજ' એમનાં પ્રસિદ્ધકાવ્યો છે. 'સરવાણી' (૧૯૪૮)નાં કાવ્યો પણ 'બારીબહાર'ની બીજી આવૃત્તિમાં સામેલ કરવામાં આવ્યાં છે. પ્રકૃતિપ્રેમ તથા માનવપ્રેમએ એમની કવિતાના મુખ્ય વિષયો છે. 'ગુલાબ અને શિવલી' (૧૯૩૮)કરુણમંગલ ગદ્યકથાછે.

## અશોક કુમાર



સદા બહાર ફિલ્મ અભિનેતા અને વિવિધ પાત્રો દ્વારા પોતાની આગવી અદાથી વિખ્યાત બનનાર ફિલ્મ કલાકાર અશોક કુમાર નો જન્મ તા. ૧૩/૧૦/૧૯૧૧ના દિવસે બિહારમાં આવેલા ભાગલપુરમાં થયો હતો. પિતાનું નામ ખેંતીલાલ ગાંગુલી અને માતાનું નામ ગૌરીરાણી હતું. અશોક કુમારનું મૂળ નામ કુમુદલાલ હતું. બંગાળના મરાઠી બ્રાહ્મણ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતાનો વ્યવસાય જમીનદારનો હતો. અને બ્રિટીશ શાસનમાં તેઓ મેજીસ્ટ્રેટ હતા. ખેંતી,અ,ના પૂર્વજો

મધ્યપ્રદેશના ખંડવામાં સ્થાયી થયા હોઈ તેમનો ઉછેર ખંડવામાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પૂરું કરી જબલપુરની રોબર્ટ્સન કોલેજમાં વિજ્ઞાન શાખામાં સ્નાતકની ડીગ્રી મેળવી. કાવ્નાનો અભ્યાસ કરતા કરતા કલકતામાં અવારનવાર ફિલ્મો જોતા, ફિલ્મોના નિર્માણ કાર્ય અને લેબોરેટરી કાર્ય તરફ મન લાગ્યું. ઈ.સ. ૧૯૩૬માં " જીવન નૈયા " ચિત્ર તેમનું ઘણું જ સફળ રહ્યું. ઈ.સ.૧૯૩૭માં હિમાંશુ રોયનું કાંતિકારી ચિત્ર " અછૂત કન્યા" આવ્યું. ' કિસ્મત" ફિલ્મ તો તેમની અભિનય કલામાં એકદમ પરીવર્તન આવ્યું.આ ફિલ્મમાં તેમણે ખિસ્સાકાતરુંનું પાત્ર ભજવ્યું છે. ' ચલ ચલ રે નૌજવાનનું ગીત પ્રસિદ્ધ છે. ઈ.સ.૧૯૪૦ થી ૧૯૬૦ દરમ્યાન બે દાયકા અશોક કુમારનો સુવર્ણકાળ હતો, ' ચાલતી કા નામ ગાડી' ફિલ્મ આજે પણ સિનેમા ઇતિહાસમાં આગવું સ્થાન ધરાવે છે. ઈ.સ.૧૯૮૦ પછી ફિલ્મમાં કામ કરવાનું ધીમે ધીમે ઓછું કર્યું. ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં ' દાદામુની ' ના નામથી ઓળખાયા હતા. તેમણે લગભગ ૨૨૫થિ વધો ફિલ્મોમાં અભિનય કર્યો છે. તેમણે અનેક એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.શ્રેષ્ઠ અભિનેતા તરીકે ઈ.સ. ૧૯૮૦ માં સંગીત નાટક અકાદમી એવોર્ડ, પદ્મશ્રી એવોર્ડ,ત્યાં ઈ.સ.૧૯૮૮માં સર્વશ્રેષ્ઠ એવોર્ડ ' દાદાસાહેબ ફાલકે એવોર્ડ એનાયત થયો હતો. ૯૧ વર્ષ જીવનને અલવિદા કરી ૧૦મી ડિસેમ્બર૨૦૦૧ને સોમવારના દિવસે બપોરે ૨.૩૦ કલાકે મુંબઈમાં અવસાન થયું.

## ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ



ભારતના મિસાઈલમેન અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ નો જન્મ તા. ૧૫/૧૦/૧૯૩૧ના દિવસે તમિલનાડુના રામેશ્વરમમાં ધનુષકોડી ગામમાં એક મધ્યમવર્ગીય મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેમનું આખું નામ અવુલ પાકિર જૈનુલાબ્દિન અબ્દુલ કલામ હતું. ડૉ. કલામે તેમના નાનપણના દિવસોમાં પૈસાની તંગીનો ખૂબ સામનો કરવો પડ્યો હતો. અબ્દુલ કલામના પિતા માછીમારોને હોળી ભાડે આપીને પોતાના ઘરનું ગુજરાન ચલાવતા હતા. ડૉ.કલામના પિતા બહુ ભણેલા નહોતા, પરંતુ તેઓ મહેનતુ અને ધગશવાળા હોવાથી નાનપણથી જ કલામના જીવન ઉપર પોતાના પિતાની મહેનતનો પ્રભાવ પહેલેથી જ રહ્યો હતો. પ્રાથમિક શિક્ષણનો ખર્ચ કાઢવા માટે તેઓ ન્યુઝ પેપર વેચતા હતા. બાળપણથી જ તેમને અંતરીક્ષ વિજ્ઞાનમાં ઊંડો રસ હતો. તેમણે ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ સેન્ટ જોસેફ કોલેજ તિરૂચિરાપલ્લી ખાતેથી કર્યો હતો. .ઈ.સ. ૧૯૫૮માં તેમણે મદ્રાસ ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાંથી અંતરીક્ષ વિજ્ઞાનમાં ડીગ્રી મેળવી હતી. સ્નાતક થયા પછી તેઓ ઈ.સ.૧૯૬૨ માં ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન ( ) માં પ્રવેશ લીધો. અંત ત્યાં તેઓએ સફળતાપૂર્વક કેટલાય ઉપગ્રહોના પ્રક્ષેપણમાં પોતાની મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે અગ્નિ મિસાઈલ અને પૃથ્વી મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. સ્વદેશી ઉપગ્રહ બનાવવા અને આકાશમાં લોન્ચ કરવા ક્ષેત્રે તેમનું યોગદાન વિશિષ્ઠ હતું, તેથી તેઓ મિસાઈલ મેન તરીકે ઓળખાયા. ઈ.સ.૧૯૮૦માં રોહિણી ઉપગ્રહને અવકાશમાં સફળતાપૂર્વક તરતો મૂકવાના કાર્યમાં તેમનું યોગદાન હતું. ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ તરીકે ચુંટાઈ આવતા તેઓ ૨૫ જુલાઈ ૨૦૦૨ થી ૨૫ જુલાઈ ૨૦૦૭ રાષ્ટ્રપતિપદે રહ્યા હતા. તેમને અનેક એવોર્ડ અને સન્માન એનાયત થયેલ છે. ભારતનો સર્વશ્રેષ્ઠ ' ભારત રત્ન' થી સન્માનિત કરવામાં આવ્યા છે. .ઇ.સ.૨૦૧૨માં તેમનો ૭૯મો જન્મદિવસ યુનાઈટેડ

નેશન્સે ' વિશ્વ વિદ્યાર્થી દિવસ ' તરીકે ઉજવ્યો હતો. તેમને ડોક્ટર ઓફ ઈજનેરી, કિંગ્સ ચાલર્સ મેડલ, વીર સાવરકર એવોર્ડ, ઇન્દિરા ગાંધી એવોર્ડ વગેરે અનેક એવોર્ડથી સન્માનિત કર્યા છે. તેમણે અનેક પુસ્તકો લખ્યા છે. તેમણે પોતાના જીવન ઉપર આધારિત ' વિગ્સ ઓફ ફાયર' આત્મકથા લખી છે. તા.૨૭મી જુલાઈ ૨૦૧૫ના રોજ મેઘાલયના શિલોંગમાં એક કાર્યક્રમમાં તેમની તબિયત બગડી અને તેઓ અવસાન પામ્યા.

## મહાન સંગીતકાર દિલીપ ધોળકિયા



તારી આંખનો અફીણી, તારા
બોલનો બંધાણી
તારા રૂપની પૂનમનો પાગલ
એકલો.

આજ પીઉં દરશનનું અમૃત, કાલ કસુંબલ કાવો,
તાલ પુરાવે દિલની ધડકન, પ્રીત બજાવે પાવો,
તારી મસ્તીનો મતવાલો આશક એકલો.

મહાન સંગીતકાર દિલીપ ધોળકિયાનોજન્મ તા. ૧૫ ઓક્ટોબર૧૯૨૧નાં દિવસે જૂનાગઢમાં થયો હતો.તેમના પિતાનું નામ ભોગીલાલ ( ઈજનેર)અને માતાનું નામ મુક્તાબેન હતું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જૂનાગઢની બહાદૂરખાનજી હાઈસ્કૂલમાં મેળવ્યું. ઈ.સ. ૧૯૪૨માં જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાંથી ગુજરાતી અને સંસ્કૃત સાથે બી.એ. થયા. મુંબઈ રાજ્યમાં ગૃહખાતા, પ્રેસ એડ્વાઈઝરી બોર્ડ, પરિવહન વિભાગ અને છેલ્લે એકાઉન્ટન્ટ જનરલની ઓફિસમાં ઓડિટર તરીકે નોકરી. ઈ.સ.૧૯૪૫ – ૧૯૮૮ મુંબાઈના ચલચિત્ર ઉદ્યોગ અને અન્ય માટે સંગીતકાર. ચલચિત્ર અને રંગભૂમિનાં ખ્યાતનામ કલાકાર દીના ગાંધી તેમનાં સહાધ્યાયી હતા.સાત વર્ષના હતા, ત્યારથી દાદા મણિશંકર સાથે સ્વામીનારાયણ મંદિરમાં ભજન ગાવા જતા. પિતાની પ્રેરણાથી વાંસળી અને પખાવજ વગાડતાં શીખ્યા. બાળપણમાં તેમનો અવાજ કર્કશ હતો, અને યુવાનીમાં આવ્યા બાદ, તેમાં સુધારો થયો. અમાનલીખાં સાહેબના શિષ્ય પાંડુરંગ આંબેકર પાસેથી શાસ્ત્રીય સંગીત અને કંઠ્ય સંગીતની તાલીમ લીધી.મુંબઈની એક જાણીતી બનેલી મંડળીમાં ગાયક તરીકે શરૂઆત કરી. ઈ.સ.૧૯૪૪- આકાશવાણીમાં અનિયમિત કલાકાર તરીકે ગાવાનું શરૂ કર્યું.આ જ ગાળામાં 'કિસ્મતવાલા' ફિલ્મમાં પાર્શ્વસંગીત અને ત્રણ ગીતોની સ્વરરચના કરી. રામચન્દ્ર પાલ સાથે કાયમી ધોરણે પાર્શ્વગાયક તરીકે કામ કરવાનું શરૂ કર્યું અને સરકારી નોકરી છોડી. પણ સ્વતંત્રતાની ચળવળને કારણે ફિલ્મ ઉદ્યોગ પર થયેલી માઠી અસરના કારણે અમૂક સમય બેકાર રહેવું પડ્યું. આ સમયમાં ' કરિયાવર' , ' શેણી વિજાણંદ','વીણાવેલી' ચલચિત્રોમાં ગીતો ગાયાં. ઈ.સ.૧૯૪૮ માં અજિત મર્ચન્ટ ના ' દીવાદાંડી' ચલચિત્ર માં મદદનીશ સંગીતકાર તરીકે કામ કર્યું ; જેમાં 'તારી આંખનો અફિણી'રચાયું. ઈ.સ.૧૯૫૦માં તારી આંખનો અફિણીની રેકર્ડ બહાર પડી અને મશહૂર બની ગયા. ઈ.સ.૧૯૫૬- ૫૭ થી સ્વતંત્ર રીતે સંગીતકાર તરીકે શરૂઆત. સત્યવાન સાવિત્રી, કંકુ, મોટા ઘરની દીકરી, મેના ગુર્જરી, સતનાં પારખાં, ડાકુરાણી ગંગા વિ, ગુજરાતી ચલચિત્રોમાં પૂર્ણ કક્ષાએ સંગીત આપ્યું. 'જા જા રે ચંદા', ' મિલે નૈન ગયા ચૈન', ' જા રે બેઈમાન' ગીતોની ધૂન બહુ પ્રખ્યાત બની છે. ઈ.સ.૧૯૮૫- લંડનમાં યોજાયેલ ભારત મહોત્સવમાં સંગીતકાર તરીકે ભાગ લીધો હતો. આકાશવાણી અને દૂર દર્શન પર અનેક જીવંત કાર્યક્રમો આપ્યા છે. તેમણે ગાયેલાં ગીતોનાં અનેક આલ્બમો બહાર પડ્યાં છે. ગુજરાત રાજ્યનો ગૌરવ

પુરસ્કાર, સુગમ સંગીત ફાઉન્ડેશન દ્વારા એવોર્ડ, બીજી જાન્યુઆરી, ૨૦૧૧, અમદાવાદમાં.અવસાન થયું.

## કેશવલાલ હર્ષદરાયધ્રુવ



ગુજરાતી ભાષાવિદ, વિવેચક, સંશોધક, સંપાદક, અનુવાદક કેશવલાલ હર્ષદરાય ધ્રુવનો જન્મ તા. ૧૭/૧૦/૧૮૫૯ના દિવસે દહેગામ તાલુકાના બહિયેલ ગામમાં થયો હતો.ઈ.સ.૧૮૮૨ માં બી.એ થઇ ત્યારબાદ અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાંશિક્ષક તરીકે જોડાયા. ત્યાંથી અમદાવાદની રણછોડલાલ છોટાલાલમાં હાઈસ્કૂલમાં શિક્ષક અને પછી હેડમાસ્તર રહ્યા. ઈ.સ.૧૯૧૫ માં ત્યાંથી નિવૃત્ત થઈ ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ગુજરાતીના પ્રથમપ્રાધ્યાપક તરીકે નિમાયા. ઈ.સ.૧૯૨૦ થી ૧૯૩૮ સુધી ગુજરાત વિદ્યાસભાનાપ્રમુખ તરીકે રહ્યા હતા.ઈ.સ.૧૯૦૭ માં ભરાયેલી બીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પસંદગી થઇ. તેમણે 'વનમાળી' ઉપનામથી સાહિત્યસર્જન કર્યું.

સંશોધનની સંસ્કૃત-પરંપરામાં એમનું પ્રદાન મૂલ્યવાન છે. 'સાહિત્ય અનેવિવેચન'- ભા. ૧, ૨ (૧૯૩૯, ૧૯૪૧)માં સંગ્રહાયા છે. 'પદ્યરચનાની ઐતિહાસિક આલોચના' (૧૯૩૨) રૂપે મળે છે.'રણપિંગળ' પછીનો ગુજરાતીમાં છંદ પરનો આ બીજો પ્રમાણિત ગ્રંથ છે. ભાલણની 'કાદંબરી'ના પૂર્વભાગ અને ઉત્તરભાગ ,'પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જરકાવ્ય' સંપાદન કર્યું છે.રત્નહાસકૃત 'હરિશ્ચન્દ્રાખ્યાન' ,અખાકૃત 'અનુભવબિંદુ' , વગેરે એમનાંઅન્ય સંપાદનો છે. 'અમરુશતક' , 'ગીતગોવિંદ' અને 'છાયાઘટકર્પર' એમનાસંસ્કૃત કાવ્યોના અનુવાદ છે; તો 'પ્રધાનની પ્રતિજ્ઞા' , 'સાચું સ્વપ્ન' , 'મધ્યમવ્યાયોગ' અને 'પ્રતિમા' એ એમના ભાસનાં નાટકોના અનુવાદછે. વિશાખદત્તનું 'મદ્રારાક્ષસ', 'મેળની મુદ્રિકા' ને નામે, હર્ષનું 'પ્રિયદર્શિકા', 'વિન્ધ્યવનની કન્યકા' ને નામે, કાલિદાસનું 'વિક્રમોર્વશીયમ્', 'પરાક્રમની પ્રસાદી' ને નામે એમણે ગુજરાતીમાં ઉતાર્યાંછે. આ અનુવાદો ઊંચું નિશાન તાકનારાં છે.ગુજરાતી મહાન વિવેચક કેશવલાલ ધ્રુવ તા.૧૩મી માર્ચ ૧૯૩૮નાં રોજ અવસાન થયું.

## જ્યોતિબા ફૂલે



દલિતો અને મહિલાઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ સુધારાનું કામ કરનાર સમાજ સુધારક એવા જ્યોતિબા ફૂલેનો જન્મ તા.૧૮/૧૦/૧૮૨૭ના રોજ પૂનામાં થયો હતો. પિતાનું નામ ગોવિંદભાઈ અને માતાનું નામ ચિમનાબાઈ હતું. જ્યોતિબા ફૂલે ભણવામાં ખૂબ જ હોશિયાર હતા. પરંતુ શાળામાં નીચલા સ્તરના બાળકોને ભણીગણીને આગળ વધે તેમાં ધર્માવલંબી ઉચ્ચ જ્ઞાતિઓને પોતાનું અહિત જણાતું તેથી શાળામાં પ્રવેશ અપાતો ન હતો. તેમ છતાં અનેક કપરા સંજોગોમાં અભ્યાસ ચાલુ રાખી અને ફૂરસદના સમયે પિતાને માળીના ધંધામાં મદદ કરતાં

gnanbhandar.com

હતા. પરિવારની અટક ગોહે હતી પણ પૂનામાં ફૂલ માળીનો ધંધો કરતા હતા. તેથી તે દલિતો ફૂલે નામથી ઓળખાવા લાગ્યા. શૃગેરીના શંકરાચાર્ય તેમને ' પંડિત રાવ' ની પદવી આપી હતી. ઈ.સ. ૧૮૫૨માં મુંબઈના ગવર્નરે તેમનું જાહેર સન્માન કર્યું. રૂઢીચુસ્તોએ ખડકેલા પ્રચંડ વિરોધ અને આપત્તિઓ સામે અડગ રહી દલિતો, અછૂતો અને સ્ત્રી સમાજના સૌપ્રથમ હામી બન્યા હતા. એમને પૂનામાં કન્યાશાળાની શરૂઆત કરી હતી. જે ભારતીય દ્વારા શરૂ કરાયેલી પ્રથમ કન્યાશાળા હતી. ઈ.સ. ૧૮૭૩માં તેમને ' સત્ય શોધક સમાજ'ની સ્થાપના કરી. નિરાધાર મહિલાઓને આશ્રય આપ્યો. ખેડૂતોની દુર્દશા તરફ ધ્યાન ખેંચી સુધારાના ઉપાયો સૂચવવા જેવા કેટલાય કામો તેમણે કરેલા છે. ઈ.સ.૧૮૮૮માં એક જંગી જાહેરસભામાં ' મહાત્મા'ની પદવી આપવામાં આવી હતી. જીવનના અંત સુધી સમાજના ઉત્કર્ષ માટે ઝઝૂમનાર આ સમાજ સેવક ૨૭મી નવેમ્બર ૧૮૯૦ના દિવસે અવસાન થયું.

જ્યોતિબા ફૂલે સમાજ સેવાની સાથે સાથે સાહિત્ય ક્ષેત્રે પણ નોંધપાત્ર ખેડાણ કરેલ છે. તેમણે 'બ્રાભણોના કસબ' , ગુલામગીરી,' ખેડૂતોના આંસુ',' સાર્વજનિક સત્યધર્મ ' જેવા પુસ્તકો આપ્યા છે. પશ્ચિમ ભારતના નવ જાગરણમાં સ્માજના પુન:ઉત્થાનમાં આ પુસ્તકોએ નોંધપાત્ર ફાળો આપ્યો છે.

## ચીનુભાઈ પટવા

ગુજરાતી હળવી શૈલીના લેખો લખનાર કટાર લેખક અને ' ફિલસૂફ' ઉપનામ ચીનુભાઈ પટવાનો જન્મ ૨૬ ઓક્ટોમ્બર ૧૯૧૧ના રોજ મુંબઈમાં થયો હતો. પિતાનું નામ ભોગીલાલ કેશવલાલ પટવાજેઓ જાણીતા ગણિતજ્ઞ અને ખગોળવિદ હતા. માતાનું નામ મંગલાગૌરી હતું. તેમણે પ્રાથમિક થી કોલેજ શિક્ષણ અમદાવાદમાં પ્રાપ્ત કર્યું હતું. ઈ.સ. ૧૯૨૯માં આર.સી. હાઈસ્કૂલમાં મેટ્રીકની પરીક્ષા પાસ કરી મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં બી.એ.પાસ કર્યું. ચીનુભાઈની લેખનપ્રવૃત્તિનો શરૂઆત અભ્યાસકાળ દરમ્યાન થયેલો. સ્વ. રામનારાયણ પાઠકે ' પ્રસ્થાન'માં ' આબુનો દેડકો' કથાકાવ્ય પ્રસિદ્ધ કરીને તેમને પ્રોત્સાહિત કર્યા. ઈ.સ.૧૯૪૧ થી ગુજરાત સમાચારમાં ' પાન સોપારી'ની કટાર કોલમ શરૂ કરી જે મૃત્યુંપર્યંત સુધી ચાલી હતી. એમને ' નવોઢા' નામનો પ્રસિદ્ધ વાર્તાસંગ્રહ છે. ' શકુંતલા નું ભૂત' હાસ્ય એકાંકી સંગ્રહ છે. આ ઉપરાંત ' પાન સોપારી', ફિલ સુફિયાણી', ચાલો સજોડે સુખી થઈએ', 'અમે ને તમે', ગોરખ અને મછીન્દ્ર' , ' સન્નારીઓ અને સજ્જનો' વગેરે કૃતિઓ હળવી શૈલીમાં હાસ્ય નિષ્પન્ન કરતી તેમણે લખી છે.તેમના નિબંધોમાં સાંપ્રત રાજકીય અને સામાજિક સમસ્યાને વક્ર દ્રષ્ટીએ અવલોકવાની સવિશેષ તો અમદાવાદી સમાજની રંગઢંગ આલેખાયા છે. માનવ સ્વભાવની નબળાઈઓ, બાધાઓ, AVLCHANDAAIONE ઘરગથ્થું ભાષામાં હળવા અને કાબેલ હાથે છોડિયા ઉતારે છે. તેમના લખાણોમાં તીક્ષ્ણ વ્યવહાર બુદ્ધિ અને તર્કસંગત

દલીલશક્તિની ફાવટ છે. પ્રસંગોની માવજત અને રજુઆતને વિશિષ્ઠ શૈલીને કારણે ગુજરાતના હાસ્ય લેખકોમાં તેમણે નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચીનુભાઈ પટવાનું અવસાન આઠ જુલાઈ ૧૯૬૯ના રોજ થયું હતું.